# વૈશ્વિક માનવતાને ગાંધી જીવનથી માર્ગદર્શન મળશે : મોદી

## પૂ. બાપુના સપનાના ભારત નિર્માણ માટે સંકલ્પબધ્ધ થઈને વર્ષ ૨૦૧૯માં ગાંધીજીની જન્મ જયંતિના ૧૫૦ વર્ષની ઉજવણી કરીએ : વર્ષ ૨૦૨૨ આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૯

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધી જીવન દર્શનની વૈશ્વિક પ્રસ્તુતતાને રજૂ કરતા જણાવ્યું હતું કે, આજની સંકટગ્રસ્ત વૈશ્વિક માનવતાને ગાંધીજી વન દર્શન પાસેથી માર્ગદર્શન મળી રહે છે. "આજ નહી તો કલ કભી ના કભી તો યે હોગા." એવું સ્પષ્ટ જણાવતા પ્રધાનમંત્રી મોદીએ ઉમેર્યું કે શ્રીમદ્ રાજચંદ્ર અને પૂ.મહાત્મા ગાંધીજીના સંસ્કાર સિંચનથી

દસ રૂપિયાના બે સ્મૃતિ સિક્કાઓ ઉપરાંત સાબરમતી આશ્રમને દર્શાવતા પોસ્ટ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલાં ફર્સ્ટ ડે કવર અને રૂ. પાંચની કિંમતની ખાસ ટપાલ ટિકિટનું પણ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ઈતિહાસને ભૂલીને, મહાન સપૂતોના કાર્યપ્રદાનને વિસરીને આપણે મોટી કિંમત ચૂકવવી પડે છે.

આપણે જરૂરત પડે ત્યારે પૂ. બાપુનું નામ લેવાનું માનીએ છીએ એ આપણા સંસ્કાર નથી.

પૂ.બાપુ અને વિનોબાજીની ગૌ ભક્તિને વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગાય માતાના નામ ઉપર કોઈની હત્યા થાય તે આ દેશમાં સાંખી નહીં લેવા, કાયદાને તેનું કામ કરવા દો, કાયદો હાથમાં લેવાનો કોઈને અધિકાર નથી એવું પણ એમણે સ્પષ્ટ જણાવ્યું હતું. તેમણે અહિંસાનો સંદેશ પ્રસરાવવા અને સ્વરાજ્ય પ્રાપ્તિનું પ્રેરણાસ્ત્રોત અને કેન્દ્ર બિંદુ સાબરમતી આશ્રમ છે. ગાંધીજીને સાચી દિશા અને માર્ગદર્શન શ્રીમદ્ રાજચંદ્રજીએ આપ્યું હતું. ગાંધીજીને ભારતીય સંસ્કૃતિ અને હિંદુ ધર્મનું આધ્યાત્મીક જ્ઞાન ગુરૂ શ્રીમદ્ રાજચંદ્રજીએ આપ્યા હતા. પૂજ્ય ગાંધીજીના કન્યા કેળવણી, બેટી બચાવો, સ્વચ્છતા, સ્વાવલંબન, નારી સન્માન, સામાજિક સમરસતા જેવા સિધ્ધાંતોને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ચરિતાર્થ કરી રહ્યા છે તેમ જણાવી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે સાબરમતી ગાંધી આશ્રમ વિશ્વ ફલક ઉપર પ્રસરે તે માટે રાજ્ય સરકારે બજેટમાં જોગવાઈ કરી છે. સાબરમતી આશ્રમ દાંડીકૂચ, સ્વરાજની પ્રાપ્તિ અને લડતોના અનેક ઐતિહાસિક નિર્ણયો કેન્દ્ર બિંદુ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે શ્રીમદ રાજચંદ્રજીને ભવ્ય શ્રધ્ધાંજલિ આપતાં કેન્દ્ર સરકાર બહાર પાડવામાં આવેલ દોઢસો રૂપિયા અને દસ રૂપિયાના બે સ્મૃતિ સિક્કા અને પોસ્ટેજ સ્ટેમ્પનું લોકાર્પણ આ પ્રસંગે કરવામાં આવ્યું હતું.

### સાબરમતી આશ્રમ ખાતે પૂ. બાપુને હૃદયાંજલિ

ગાંધીનગર, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાબરમતી આશ્રમ શતાબ્દિ અને શ્રીમદ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે આજે સાબરમતી આશ્રમ ખાતે આવી પહોંચ્યાં હતાં.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સાબરમતી આશ્રમમાં હૃદયકુંજ ખાતે પૂ. મહાત્મા ગાંધીજીની તસવીરને સૂતરની આંટી પહેરાવી હૃદયાંજલિ અર્પણ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આશ્રમ ખાતે નેશનલ આર્કાઈવ્સને નિહાળ્યું હતું. આશ્રમમાં તેમણે વૃક્ષારોપણ કર્યું હતું, આશ્રમની મુલાકાત લીધી હતી અને ગાંધીજીને પ્રિય એવો રેટિંયો પણ કાંત્યો હતો.





### શ્રીમદ્ રાજચંદ્રની ૧૫૦મી જન્મ જયંતિ મહોત્સવ અને સાબરમતી આશ્રમના શતાબ્દિ મહોત્સવ ઉજવણી પ્રસંગે પ્રધાનમંત્રીએ ફસ્ટ ડે કવર ટપાલ ટિકિટ અને સ્મૃતિ સિક્કાનું લોકાર્પણ કર્યુ

સમગ્ર વિશ્વને સત્ય અહિંસા, સમતા અને માનવતાના સદગુણોથી જોડીએ. અમદાવાદના પ્રસિધ્ધ સાબરમતી આશ્રમ ખાતે શ્રીમદ્ રાજચંદ્રની ૧૫૦મી જન્મ જયંતિ મહોત્સવ અને સાબરમતી આશ્રમના શતાબ્દિ મહોત્સવ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલાં પ્રધાનમંત્રી મોદીએ પૂ. મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ રાજચંદ્રજીને શ્રધ્ધાંજલિ આપતા કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ દોઢસો રૂપિયાના અને અને સ્વાર્થ હોય ત્યારે પૂ. બાપુને ભૂલી જવાની ચતુરાઈ પણ આપણે શીખી છે. એવાં તકવાદી ગાંધી પ્રેમ સામે આક્રોશ ઠાલવીને વડાપ્રધાન મોદીએ ગાંધી જીવન દર્શનને આજના સમયમાં સ્વયં સ્પષ્ટ, પ્રસ્તુત એવું માનવતાવાદી જીવનદર્શન ગણાવ્યું હતું. સાથે સાથે આજના માનવીની ઘટતી જતી સહનશક્તિ અને હિંસાત્મક અભિગમ પ્રત્યે નારાજગી પણ વ્યકત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, અહિંસા આપણો જીવન ધર્મ છે ત્યારે નાની વાતમાં હિંસાત્મક બનવું એમ પણ જણાવ્યું હતું કે, સમસ્યાનું સમાધાન હિંસામાં નથી. પૂ. ગાંધીજીની ધરતી ઉપર સંતુલિત જીવન જવાબદારી સાથેનું જીવન જીવવું એ સૌનું દાયિત્વ છે. શ્રીમદ રાજચંદ્રના વિચારોને પૂ.બાપુ એ જીવી બતાવ્યાં છે અને પૂ.બાપુ વિશ્વ શાંતિ માટે હંમેશા પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. તેમણે લોક પ્રતિનિધિ તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે.. કહીને જન સેવકોને પણ શીખ આપી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, વિશ્વને

### જનપ્રતિનિધી તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે...


#### વૈષ્ણવજનમાંથી તમામને પ્રેરણા લેવા મોદીનું સૂચન

અમદાવાદ, તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઐતિહાસિક ગાંધી આશ્રમ પહોંચ્યા હતા. ગાંધી આશ્રમમાં મોદીએ ટૂંકુ સંબોધન કર્યું હતુ જેમાં તેમને વૈષ્ણવજનમાંથી પ્રેરણા લેવા તમામ લોકપ્રતિનિધિઓને અનુરોધ કર્યો હતો. સાથે સાથે ચરખો પણ કાંત્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના વકતવ્ય દરમ્યાન શ્રીકૃષ્ણ ભગવાનના પરમ ભકત નરસિંહ મહેતાએ રચેલા વૈષ્ણવજન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...એ ભજનને ટાંકી દેશના હાલના લોકપ્રતિનિધિઓ અને રાજકારણીઓને પ્રેરણા લેવા અનુરોધ કરતા જણાવ્યું હતું કે, દરેક લોકપ્રતિનિધિ કે રાજકીય નેતાએ વૈષ્ણવજન ભજનમાં વૈષ્ણવજનની જગ્યાએ લોકપ્રતિનિધિ શબ્દ લગાવી દે અને પછી તે ભજનમાં સૂચવેલા ગૂઢાર્થ પ્રમાણે જીવનમાં આચરણ કરી બતાવે.

બસ બીજા કોઈના માર્ગદર્શનની જરૂર નહી રહે. જીવનમાં સત્યનો રસ્તો આપોઆપ મળી જશે. મોદીનો આ ઉપદેશ સાંભળી સૌકોઈ ખુશ થઈ ગયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમદાવાદ એરપોર્ટ પર ઉતરાણ વખતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ગાંધીઆશ્રમ પહોંચેલા મોદીએ ગાંધીજીની પ્રતિમાને પુષ્પ અર્પણ કરી તેમને નમન કર્યા હતા. મોદીએ ગાંધીજીનું સંગ્રહાલય નિહાળી ભારે ખુશી વ્યકત કરી હતી અને વિઝીટર બુકમાં પોતાનો અનુભવ લખ્યો હતો. વડાપ્રધાને ગાંધીજીનો ચરખો કાંત્યો હતો અને ત્યારબાદ વૃક્ષારોપણ પણ કર્યું હતું.

### સાબરમતી આશ્રમની મુલાકાત પોથીમાં નોંધેલ અક્ષરશઃ સંદેશ



સાબરમતી આશ્રમની શતાબ્દિ કાંઈ ઈમારત, સંસ્થા કે પ્રવૃત્તિ માત્રની શતાબ્દિ નથી. આ એવી તપોભૂમિ છે જ્યાં સેંકડો વર્ષની ગુલામીને કારણે ભારતીય સમાજના મૂળ પીંડને કૂઠારાઘાત થયાં હતાં. પૂ. બાપુએ અહીં એવી તપસ્યા કરી જ્યાં સ્વરાજ્યના મૂળમાં પ્રથમ સ્વ તો બોધ થાય, સ્વ ની ચેતના જાગૃત થાય અને સઘળું સ્વાભાવિક થાય, સહજ થાય અને સહુને પરવડે તેમજ સહુને પોતિકુ લાગે એવું જન-જનનું નવતર ઘડતર માનવ ઘડતરથી રાષ્ટ્ર ઘડતરની રૂપરેખાનો આશ્રમ જીવંત સાક્ષી છે. માત્ર ભારતની જ નહીં વિશ્વની માનવતાને તેની ચેતનાને અમરતત્વનો માર્ગ આપ તપોભૂમિમાંથી પ્રગટ્યા છે. સ્વ પ્રયાસથી, સ્વાનુભાવથી આ તપોભૂમિને પ્રણામ. પૂ.બાપુને પ્રણામ.

# આજે ખેલ મહાકુંભ ૨૦૧૭નું ઉદ્દ્ઘાટન

## મોદી ૫૦૦ કરોડના ખર્ચથી પીપીપી મોડેલ હેઠળ તૈયાર થયેલા ટ્રાન્સ સ્ટેડિયા સ્ટેડિયમનું પણ વિધિવત ઉદ્દ્ઘાટન

અમદાવાદ, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે શહેરના કાંકરિયા વિસ્તારમાં ટ્રાન્સ સ્ટેડિયા ખાતે ખેલ મહાકુંભ-૨૦૧૭નો શુભારંભ કરાવશે. આ પ્રસંગે વડાપ્રધાન મોદીના હસ્તે રૂ.૫૦૦ કરોડના ખર્ચે પીપીપી મોડેલ હેઠળ તૈયાર થયેલા ટ્રાન્સ સ્ટેડિયા સ્ટેડિયમનું પણ ઉદ્દ્ઘાટન કરાશે.

ખેલ મહાકુંભના લોન્ચીંગ પ્રસંગે વિવિધ રમતોના ૯ જેટલા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ઓલમ્પીક મેડલ વિજેતા ખેલાડીઓ ખાસ હાજર રહેશે. વર્ષ ૨૦૧૦માં નરેન્દ્ર મોદી રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે રાજયમાં રમતગમતની સંસ્કૃતિના નિર્માણ, આરોગ્ય અને ફિટનેસની જાળવણી તેમ જ પાયાગત અભ્યાસની સાથે સાથે ખેલ પ્રતિભાની આગવી ઓળખ સમા પ્લેટફોર્મ સર્જનના ઉદ્દેશથી ખેલ મહાકુંભનો પ્રારંભ કરાવ્યો હતો. આ મેગા કોમ્પીટીશનમાં નવ વર્ષથી નાના બાળકોથી લઈને ૬૦ વર્ષથી મોટી ઉમંરના વડીલોને સાંકળી લેવામાં આવ્યા હતા. ખેલ મહાકુંભના મંચ થકી સામાન્ય માણસને પણ તેની પ્રતિભા અને પ્રવેશનો અવસર પ્રાપ્ત થાય છે. ૪૦થી વધુ દિવસ સુધી ચાલનારા ખેલ મહાકુંભમાં ગામડા અને શાળાઓમાંથી સાત ઉમંર જૂથના લોકોને આમંત્રિત કરરી તેઓને રાજય સ્તરની સ્પર્ધામાં ઉમદા તક પૂરી પાડવામાં આવે છે. જેનો મુખ્ય ઉદ્દેશ પરંપરાગત રમતો જેવી કે, ખોખો, રસ્સીખેંચ, કબડ્ડી અને ગીલ્લી-દંડીને જીવંત રાખવાનો છે. પાટણ જિલ્લાના સાંપ્રા ગામની મહિલા ફુટબોલ ટીમ અને ગીર સોમનાથ જિલ્લાના નાનકડા સરખાડી ગામના વોલીબોલ ખેલાડીઓની સિધ્ધિ આજે પણ નોંધનીય છે કે જેઓએ દેશને ૪૮ જેટલા રાષ્ટ્રીય મેડલ અપાવ્યા છે. આવતીકાલના કાર્યક્રમમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

### એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકે એન્કર ઈન્વેસ્ટર્સ પાસેથી ૫૬૩ કરોડનું ભંડોળ ઉભુ કર્યું

એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકે ૩૪ એન્કર ઈન્વેસ્ટર્સને પોતાના આઈપીઓની અપર પ્રાઈઝ બેન્ડ પર શેરદીઠ રૂ. ૩૫૮ના ભાવે શેરની ફાળવણી કરીને રૂ. ૫૬૩ કરોડનુ ભંડોળ ઉભુ કર્યુંછે. એન્કર ઈન્વેસ્ટર્સમાં ગવર્મેન્ટ ઓફ સિંગાપોર, કુવૈત ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી, બ્લેકરોક, નોમુરા સિંગાપોર, એચએસબીસી ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ ફંડ્સ-ઈન્ડિયા ઈક્વિટી અને વેલ્સ ફાર્ગો ઈમર્જિંગ માર્કેટ્સ ઈક્વિટી ફંડ સામેલ છે. સ્ટોક એક્સચેન્જમાં ફાઈલિંગ મુજબ, એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકે સ્ક્રિપદીઠ રૂ. ૩૫૮ના ભાવે એન્કર ઈન્વેસ્ટર્સને ૧.૫૭ કરોડ શેરની ફાળવણી કરી છે. ઓફરની પ્રાઈઝ બેન્ડ શેરદીઠ રૂ. ૩૫૫થી રૂ. ૩૫૮ છે.

ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ આઈસીઆઈસીઆઈ સીક્યોરિટીઝ, એચડીએફસી બેંક (ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ ગ્રુપ), મોતિલાલ ઓસ્વાલ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર્સ અને સિટિગ્રુપ ગ્લોબલ માર્કેટ્સ ઈન્ડિયા છે. એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકને ડિસેમ્બર, ૨૦૧૬માં સ્મોલ ફાઈનાન્સ બેંક સ્થાપિત કરવા આરબીઆઈ પાસેથી લાઈસન્સ મળ્યું હતું અને ચાલુ વર્ષે એપ્રિલમાં કામગીરી શરૂ કરી હતી.

### મા નર્મદા મહોત્સવ છઠ્ઠી જુલાઈથી આરંભાશે

નર્મદા નદી રાજયની જીવાદોરી સમાન છે. નર્મદા નદીના બંધના દરવાજા બંધ કરવા અંગેની મંજુરી મળી એ ગુજરાત રાજય માટે ઐતિહાસિક ઘટના છે. જેની ઉજવણીના ભાગરૂપે સમગ્ર રાજયમાં મા નર્મદા મહોત્સવ યોજાનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં મા નર્મદા મહોત્સવનું આયોજન તા. ૬ થી ૧૫મી જુલાઈ, ૨૦૧૭દરમ્યાન કરવામાં આવ્યું છે.

મા નર્મદા મહોત્સવના સુચારું આયોજન અર્થે જિલ્લા કલેકટર સતીશ પટેલના અધ્યક્ષ સ્થાને બેઠક મળી હતી. જેમાં કલેકટર સતીશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના વિકાસમાં નર્મદા નદીની ભૂમિકા મહત્વની છે. નર્મદા યોજનાનો લાભ સમગ્ર ગાંધીનગર જિલ્લાના ગામો અને શહેરોને મળી રહ્યો છે. ૫૪ જેટલા તળાવ ભરવા માટે નર્મદા નદીનું પાણી વાપરવામાં આવે છે. જેથી મા નર્મદા મહોત્સવની ઉજવણીમાં મહત્વની ભૂમિકા અદા કરનાર અધિકારી-કર્મચારીઓએ ફરજના ભાગ સાથે સાથે એક ભાવનાથી આ કાર્યક્રમમાં જોડવા માટે અપીલ કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં મા નર્મદા મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે જિલ્લાને ત્રણ ભાગમાં વહેંચી ને ત્રણ રથોનું નિર્માણ કરવામાં આવનાર છે. તમામ રથમાં એક-એક ઈન્ચાર્જ અધિકારીની નિમણુંક કરવામાં આવી છે. ચાર તાલુકાના ચાર તાલુકા ઈન્ચાર્જની નિમણુંક કરવામાં આવી છે. તેમજ સમગ્ર કાર્યક્રમના નોડલ અધિકારી તરીકે જિલ્લાના ખેતી અધિકારી મહાવીરસિંહ વાઘેલાની નિમણુંક કરવામાં આવી છે.

### શહેરમાં ધમધમાટ... ● અનુસંધાન ૧૦માંનું ચાલુ

નગરમાં સતત સફાઈ કામદારો સફાઈ કરતા નજરે પડે છે. વરસાદી માહોલ વચ્ચે પણ તૈયારીઓ અને તામજામમાં તંત્ર રોકાયેલુ છે. નગરના માર્ગો પરથી દબાણો દુર કરી દેવાયા છે. જયારે જરૂરી રૂટમાં વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ પણ કરી દેવાયુ છે.શહેરના મહાત્મા મંદિર તેમજ સે-૧૭ સ્થિત પ્રદર્શન સેન્ટર પર પી એમ ની મુલાકાતને અનુલક્ષી ચુસ્ત પોલીસ પહેરો તૈનાત કરી દેવાયો છે. પ્રદર્શન સેન્ટર પર તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહયો છે. મહાત્મા મંદિર તેમજ પ્રદર્શન રૂટ તરફના માર્ગ પર ઠેર ઠેર બેરિકેટસ મુકી દેવાયા છે. સલામતીના પરિબળોને ધ્યાને લઈ તમામ પોઈન્ટ પર પોલીસ જવાનો બન્દોબસ્ત પર નજરે પડે છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR.FIXIT®
TATA
STEEL • PIPES • SHEETS
ET TMT
BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ